# આપણું ઘર સંભાળો



પ.પૂ. ન્યાય વિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા

## નૂતન વર્ષનો સંદેશ

**નૂતન વર્ષમાં તમને સહુને મારા શુભાશિષ છે કે તમે સહુ રાજકુમારી કનકશ્રીની જેમ એ સાવધાની કેળવો કે, 'રખેને મારા મનને કોઈ પાપવિકલ્પ, મિથ્યાવિકલ્પ સ્પર્શી ન જાય !'**

પ.પૂ. ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય
ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા

# નૂતન વર્ષની ભાવના

**નવા વર્ષમાં મને આવી પાયાની મૈત્રી-કરુણાની વિચારણા મળો,**
**જેથી મનની પરિણતિ નિર્મળ ચાલ્યા કરે.**

પ.પૂ. ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય
ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા



## નૂતન વર્ષની પ્રાર્થના

**નાથ ! આ બળતા સંસારઘરમાંથી મારા આત્મારૂપી**
**ઝવેરાતનો ડબ્બો લઈને નીકળી ગયેલો**
**હું આપના શરણે આવ્યો છું.**
**પ્રભુ ! શરણ આપો.**

પ. પૂ. ન્યાયવિશારદ શ્રીમદ્ વિજય
ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી
ભુવનભાનુસૂરીશ્વરજી
સ્વર્ગારોહણ ૨૫
૧૯૯૩ - ૨૦૧૮

॥ ॐ ह्रीँ श्रीँ अर्हं श्री सीमंधर स्वामिने नमः ॥

॥ श्री प्रेम-भुवनभानु-जयघोषसूरीश्वर सद्गुरुभ्यो नमः ॥

# આપણું ઘર સંભાળો




પ.પૂ. ન્યાય વિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા**


પુસ્તક : આપણું ઘર સંભાળો
વિષય : દિવ્યદર્શન સાપ્તાહિકના ૨૦મા વર્ષમાં મંગળ પ્રવેશે નૂતન વર્ષ - નૂતન સંદેશ
સંવત : વિ.સં. - ૨૦૭૪
લેખક : પ.પૂ. ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા
પ્રેરક : પ.પૂ. સિદ્ધાંતદિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા
પ્રકાશક : શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ
નકલ : ૨૦૦૦
કિંમત : રૂા. ૨૦ /-
ડિઝાઇન : હાર્દિક કાપડિયા (૯૯૩૦૨ ૦૨૩૩૫)
કંપોઝ : નિખિલ પટેલ (૯૯૭૮૫ ૫૪૫૦૦)
મુદ્રક : બાલારામ ઓફસેટ (૯૮૯૮૦ ૩૪૮૯૯)

પ્રાપ્તિસ્થાન
દિવ્યદર્શન ટ્રસ્ટ, કુમારપાળભાઈ વી. શાહ,
૩૯, કલિકુંડ સોસાયટી, જિ. અમદાવાદ - ૩૮૭ ૮૧૦.
ફોન : ૦૨૭૧૪-૨૨૫ ૪૮૨
**www.jainonline.org**

ભાનૂદય ધામ, પીયુષભાઈ સી. શાહ
સી/૨, દિક્શાંતિ એપાર્ટમેન્ટ,
મલાવ તળાવની ગલીમાં, રજવાડું હોટલથી આગળ,
જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧.
ફોન : ૯૯૨૪૫ ૧૨૯૨૯

ઉર્મિલભાઈ શાહ
ડી/૨/૩, નૂતનજીવન કો.હા.સો., કૃપાનગર,
ઈર્લા, વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ - ૫૬.
ફોન : ૯૮૨૦૫ ૨૭૭૧૦

# સમર્પણમ્



ગુરુદેવ !
પરપદાર્થોથી નિવૃત્ત થઈ,
**આત્મઘરમાં જ ઠરતાં રહી,**
મારું જ ઘર સંભાળવાની સદ્બુદ્ધિ મળે,
એ જ એક કામના સાથે,
આપશ્રીના સ્વર્ગારોહણ રજત વર્ષે
આપનું આપને જ સમર્પણ કરું છું.

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી
ભુવનભાનુસૂરીશ્વરજી
સ્વર્ગારોહણ ૨૫
૧૯૯૩ - ૨૦૧૮

‘विनय ! निभालय निजभवनम्’

## આપણું ઘર સંભાળો

'શાંતસુધારસ શાસ્ત્ર'માં ૧૨ ભાવના પૈકી પાંચમી અન્યત્વ ભાવના ભાવવા લખ્યું કે 'विनय ! निभालय निजभवनम्' **હે આત્મન્ ! તું તારું પોતાનું ઘર સંભાળ !**

આ માર્કાનું વચન છે. પોતાનું ઘર ખરેખરું આત્મ-ઘર છે. બાકી, દુન્યવી મોટી મહેલાતો શું કે રત્નોનાં વિમાન પણ શું, એ કાંઈ પોતાનું ઘર નહીં. એ તો શું, પણ પોતાની કાયા પણ પોતાનું ઘર નહીં. કારણ, જે ઘરમાંથી હકાલપટ્ટી થાય એ ઘર પોતાનું શાનું ? શરીર અને મકાન વિમાન વગેરે લઈ બેસનાર કયા જીવને એમાંથી નથી નીકળી જવું પડ્યું ? આપણા જીવે એવાં શરીર-રહેઠાણ વગેરે આજ સુધીમાં કેટલા લઈ બેસીને અંતે મૂક્યા ? મૂક્યા તે રાજીખુશીથી નહીં, પરંતુ ક-મને મૂકવા પડ્યા. કહો; એમાંથી જીવની હકાલપટ્ટી થઈ, તો એ શી રીતે આપણું ઘર કહેવાય ?



આપણું ઘર આપણો આત્મા જ છે. સવાલ થાય કે પોતે પોતાનું જ ઘર કેવી રીતે ? જવાબ એ, કે જેમ માણસ બહાર બધે ફરી આવે, પણ ઘરમાં આવીને ઠરે છે, ઘરમાં શાંતિ વળે છે, એમ આત્માને બહારનાની આશા મૂકી પોતાનામાં ઠરવાથી શાંતિ મળે છે; માટે પોતે પોતાનું ઘર કહેવાય, પોતે પોતાનામાં રહ્યો ગણાય.

**'ધર્મને ને મારે શું લાગે-વળગે છે ?'**
**એ ખૂબ વિચારવા જેવું છે.**

મહાપુરુષો પર જીવલેણ ઉપસર્ગ આવ્યા :

- ખંધકમુનિની જીવતાં ચામડી ઊતરી,
- ગજસુકુમાળના માથે સગડી મૂકાઈ,
- મહાવીર પ્રભુના મસ્તકે સંગમદેવે ૫૦૦૦ મણનું કાળચક્ર પછાડ્યું,

ત્યાં એમણે એ બાહ્ય શરીર પરની પીડાને ન ગણકારતાં અંદરમાં ઊતરીને પોતના સનાતન, અખંડ, નિર્વિકાર આત્મસ્વરૂપનો વિચાર કર્યો :

'આ કામચલાઉ બાહ્ય શરીર પરની આપત્તિમાં મારા આત્મામાંથી શું લૂંટાય છે ? કશું નહીં, એના અસંખ્ય પ્રદેશમાંથી એક પણ પ્રદેશ ખેરવાતો નથી, તેમ એના સુંદર જ્ઞાનાદિમય અરૂપી સ્વરૂપને લેશમાત્ર બાધ નથી પહોંચતો, પછી બાહ્યની ચિંતા શી ?' એમ અંદરમાં આત્મસ્વરૂપમાં ઠર્યા. એટલે કહેવાય કે એ અંદરવાળો અને એનું સ્વરૂપ; એ પોતાનું ઘર છે, જેમાં ચિરકાળ શાશ્વતકાળ ઠરીને રહી શકાય અને અખૂટ શાંતિ મળે. બાહ્ય શરીરાદિમાં ઠરવામાં આ કશું ન મળે; એમાંથી એક દિ' ડિસમિસ થવું પડે, માટે એ પોતાનું ઘર નહીં.



આમ, જ્યાંથી કદી હકાલપટ્ટી ન થાય, એ પોતાનો આત્મા અને શુદ્ધ આત્મસ્વરૂપ જ પોતાનું ઘર છે, તો ખરી સંભાળ એની લેવા જેવી છે. માટે કહ્યું : '**જીવ ! તું તારું પોતાનું ઘર સંભાળ.**'

**એટલું તો નક્કી ને કે,**
**અંદરમાં કચરો છે, તો જ દુઃખ આવે ?**

'પોતાનું ઘર સંભાળ' એટલે જેમ બાહ્યમાં માણસ એ જુએ છે કે,

- 'ઘર ચોકખું રહેવાલાયક સાફ છે ને ?
- ક્યાં ક્યાં રિપેરિંગ માંગે છે ?
- ઘરમાં આવક કેટલી ?
- સામાન કેટલો ?
- ક્યાં ખરચા કેટલા ?
- પારકું આપણા ઘરમાં શું પડ્યું છે ?
- પોતાના ઘરના કોણ કોણ, ને બહારના કોણ ?...'

જેમ બાહ્ય ઘર સંભાળવામાં આ બધું જુએ છે, એમ આપણું આત્મઘર સંભાળવામાં આ જોવાનું છે કે,



(૧) આપણું આત્મઘર રહેવાલાયક સાફ કચરા વિનાનું છે ને ? એમાં કામ-ક્રોધ-લોભાદિ કષાયો, આહાર-રસ-વિષય-પરિગ્રહાદિ સંજ્ઞાઓ, શલ્ય-ગારવ-કુલેશ્યા વગેરે કચરા નથી ને ? એમ,

(૨) આત્મઘર કયાં કયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ભંગાર છે ? કયું કયું એમાં રિપેરિંગ માંગે છે ?

(૩) આત્મઘરમાં (i) પુણ્યાનુબંધી પુણ્યની તેમજ
(ii) ક્ષમાદિના સુસંસ્કારોની અને
(iii) કર્મનિર્જરાની આવક કેટલી છે ? વળી,

(૪) સિદ્ધ થયેલ જિનભક્તિ-દયા-વ્રતનિયમ અને

**ભગવાને આપણું ઘણું કર્યું,**
**હવે આપણે ભગવાનનું કશું કરવું છે ?**

અહિંસા-સત્ય-ક્ષમા-મૈત્રી-કરુણા વગેરેનો સામાન કેટલો છે ? એમ,

(૫) પૂર્વ પુણ્ય સંચયમાંથી ક્યાં કેટલો ખર્ચ થઈ રહ્યો છે ?

(૬) અહીં મળેલ અતિકિંમતી મનોયોગ-વચનયોગ-કાયયોગ શક્તિમાંથી ક્યાં, કેટલો, ને કેવો વપરાશ ચાલી રહેલ છે ? એવી રીતે,

(૭) આત્મઘરમાં પોતાનું શું શું છે ? અને પારકું શું શું પડેલું છે ? અર્થાત્ દેવ-ગુરુ-સંઘરાગ, જ્ઞાન-દર્શન, સંવેગ-વૈરાગ્ય, ત્યાગ-તપ, વ્રત-નિયમ-ક્ષમાદિ શું શું પોતાનું પડેલું છે ? અને કર્મજથ્થા, ધન આદિ ઉપાધિ તથા વ્યવહારથી સગાઈ સંબંધો આદિ પર-પદાર્થ કેટલા પડ્યા છે ?



આ ૭ મુદ્દા પૈકી દરેક પર ઘણું વિચારી શકાય.

બસ, આ રીતે આત્મઘરની તપાસ લેવાની છે અને લઈને પછી એમાંથી,

- કચરા સાફ કરતાં ચાલવાનું,
- ભંગાર સુધારી અખંડતા કરવાની,
- પુણ્યાઈ-સુસંસ્કાર-કર્મક્ષયની આવક વધારતા રહેવાનું,
- વ્રત-નિયમ-અહિંસાદિ તથા જ્ઞાન-દર્શનાદિનો સામાન સિદ્ધ કરતાં રહેવાનું,

**વિચારવા જેવું છે કે દિલને શાંતિ ક્રોધાદિ ભાવથી મળે ? કે મૈત્રી આદિ ભાવથી ?**

- પાપકર્મના જથ્થા તથા વ્યાવહારિક સંબંધ એ પર છે, પારકી ચીજ છે, એનો ખ્યાલ રાખી દિલમાંથી બને તેટલા એ વોસિરાવવાના, અને દેવ-ગુરુ આદિની મમતા વધારતાં જવાનું,
- કિંમતી મનોયોગ-વચનયોગ-કાયયોગની શક્તિઓનો આડે માર્ગે યાને મોહ-રાગાદિના પોષણમાં અપવ્યય ન થાય, પરંતુ દેવ-ગુરુ-સંઘ-તીર્થ-શાસ્ત્ર તથા દાનાદિ, અહિંસાદિ વગેરે ધર્મમાં સદુપયોગ થાય; એમ કરતાં રહેવાનું. વળી કષાયો-સંજ્ઞાઓ, ગારવ-શલ્યો અને કુલેશ્યાઓના નવા કચરા ઘાલવા નહીં,
- સાથે એ પણ જોવાનું કે 'આપણા આત્મઘરના માણસ કોણ ?' અને પછી એમને જ આપણા પોતાના માનતા રહેવાનું, એમનાથી જ મહા આશ્વાસન લેવાનું.



• • •

## આપણાં ઘરના કોણ ?

'विनय ! निभालय निजभवनम्' - 'હે આત્મન્ ! તું તારું ઘર સંભાળ.' એ પંક્તિ લઈને ગયા લેખમાં એ વિચાર્યું કે આપણું ઘર આત્મા, ને એમાં શું શું સંભાળવાનું. એમાં છેલ્લી વાત એ આવી કે આપણા ઘરના કોણ ?

જ્યારે આત્મા એ આપણું ઘર છે, તો એ ઘરના સગા છે :

દેવાધિદેવ વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા,

**હું કર્મનું મોટું કેટલું ય ખોટું સહી લઉં છું,**
**તો આ સામાનું નાનું ખોટું કેમ ન સહી લઉં ?**

નિર્ગ્રન્થ ત્યાગી સાધુ મહારાજ, અને
શુદ્ધ ધર્મસ્નેહવાળા સાધર્મિક.

એમના પર મમત્વ વધારતાં રહેવાનું છે, અને એમના થકી આપણે ભારે હૂંફ લેવાની, આશ્વાસન લેવાનું છે.

'પરમાત્મા તો મોક્ષમાં જઈ બેઠા, તેમ એ વીતરાગ હોઈ કશું કરતાં નથી, તો એમની હૂંફ શી રહે ? એમ સમજવાનું નથી. કેમકે વીતરાગ પરમાત્મા એ વિશ્વનો એક એવો અચિંત્ય પ્રભાવશાળી પદાર્થ છે કે ચિત્તમાં એમનું આલંબન લેનારને અચિંત્ય સિદ્ધિઓ પ્રાપ્ત થતી આવે છે. અનંતા આત્માઓએ એ રીતે ઠેઠ મોક્ષ સુધીની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આવશ્યક આ છે કે એમનું આલંબન એમના પર આ વિશ્વાસ - આ શ્રદ્ધા મૂકીને લેવાય કે, -



'પ્રભુ ! તું પાપીઓનો ઉદ્ધારક છે. મહાપાપ કરેલાએ પણ જો તારાં ચરણ પકડ્યા, દિલમાં તારું જ શરણ સ્વીકાર્યું, તો એમનાં જીવન મહાન સંતનાં બની મહાપવિત્ર બની ગયા.'

'જો આવો તારો પ્રભાવ છે કે તું દિલમાં આવ્યાથી મહાપાપ પણ નાશ પામી મહા પવિત્રતા આવે, અને તારા અનુપમ ગાંભીર્ય, ઔદાર્ય, સમતાભાવ, સહિષ્ણુતા, વીતરાગતા વગેરે ગુણોની પ્રેરણા મળે, તો પછી પ્રભુ ! મારે તું જ શરણ, તું જ ત્રાણ અને પ્રાણ, તું જ એક વિશ્રામ હો.'

'તારા જેવો સ્નેહી ક્યાં મળે ? તારી અમારા પર કેટલી

**મહાપુરુષોએ મારા કરતાં કેઈ ગુણી આપત્તિમાં કેવી ઊંચી ક્ષમા રાખી હતી, તો હું ય કેમ ન રાખું ?**

અપરંપાર કરુણા ! અમારે તારામાં કેટલું મજેનું ઠરવાનું ! તારા પ્રભાવે હવે તો મારાં ભવદુઃખ ટળ્યાં.'

આ શ્રદ્ધાથી પરમાત્માનું આલંબન લેવાય, તો પછી સંપત્તિ-સન્માનમાં અંતરમાં પ્રભુનું એવું ચિત્ર દેખીને પ્રેરણા લેવાય કે,

'પ્રભુને અપાર સંપત્તિ મળેલી અને દિક્કુમારી તથા સુરાસુરેન્દ્રોના જન્માભિષેક, દીક્ષાના મહોત્સવ, તેમજ સમવસરણ-નવકમળ-અષ્ટપ્રાતિહાર્ય વગેરે સન્માન મળેલા, પરંતુ પ્રભુને એમાં એમની આગળ લેશ પણ આસક્તિ, અભિમાન કે મહત્ત્વ નહીં લાગેલું. તો પછી મને મળતાં બાહ્ય સંપત્તિ-સન્માન તો એમની આગળ કુછ નહીં, તો મારે શા એનાં મહત્ત્વ લેખવા ? શા એના પર રાગ આસક્તિભાવ ધરવા ? કે શા અભિમાન કરવા ? ના, મારે એ કશું કરવાની જરૂર નથી.'



એમ, આપત્તિ-અગવડ-કષ્ટમાં પ્રભુનું એવું ચિત્ર દેખી પ્રેરણા લેવાય કે પ્રભુની ઉપર મોટા દેવતાઈ કે ચંડકૌશિક, ગોવાળિયા જેવાના ઉપસર્ગ-ઉપદ્રવની ભયંકર આપત્તિ આવી, અનાર્યો-અનાડીઓ તરફથી અપમાન-તિરસ્કારાદિ આપત્તિ આવી, ચારિત્રસાધના વખતે ભારેમાં ભારે અગવડ-પ્રતિકૂળતાઓ આવી, તેમજ એમણે ઘોર તપસ્યા, પરીષહો વગેરેનાં કષ્ટ ઉપાડ્યા છતાં,

**'જિનશાસન કેમ મળ્યું છે ?'**
**આ વિચારો છો ખરાં ?**

પ્રભુએ ક્યાંય એ જુલ્મીઓ પર દ્વેષ ન કરતાં હૈયે અપરંપાર કરુણા વહેતી રાખી, એ જુલ્મો અગવડોની પ્રત્યે 'ઉત્સવરંગ વધામણાં' કરી મહાસમતા-સમાધિ ધરી, તેમજ કષ્ટોમાં દિવાળી માની અપૂર્વ પ્રસન્નતા ઝળકતી રાખી, તો પછી મારે એ બધાની અપેક્ષાએ શી એવી આપત્તિ-અગવડો આવે છે ? કુછ નહીં.

તો, મારે શા સારું દ્વેષથી બળવું ? દીનતા કરવી ? હોળી જ હોળી માનવી ? ને મનમાં દુઃખી દુઃખી બન્યા રહેવું ? પ્રભુની તપસ્યા સામે સામાન્ય જેવી તપસ્યાની તકો શા માટે ગુમાવવી ? તદ્‌ભવ મુક્તિ નિશ્ચિત છતાં પ્રભુને ઘોર ત્યાગ-તપની અને પરીષહ-સહનની જરૂર, તો મારે સામાન્ય સદ્‌ગતિ નક્કી કરવા માટે પણ ત્યાગ-તપની જરૂર નહીં ? આવો ઊંચો માનવભવ ખાઉં-ખાઉંમાં જ પૂરો કરવાનો ? રસનાની ઉજાણી જ ઉજવ્યા કરવાની ? પરીષહથી આઘા જ ભાગી જીવનભર કાયર બન્યા રહેવાનું ? ના, મારે એ દ્વેષ વગેરે કશું ન ખપે. મારે તો કરુણા-પ્રસન્નતા, સમતા અને ત્યાગ-તપ-પરીષહવધામણાં ખપે.'

આમ, હૃદયમાં વીતરાગ અરિહંત પરમાત્માનું આલંબન ધર્યાથી એવી અપૂર્વ ધરપત-તૃપ્તિ-પ્રસન્નતા-સમતા અને બળ-ઓજસ આવે છે કે જેની આગળ મોટા રાજ્ય કે ક્રોડો-અબજોની સંપત્તિના કૃત્રિમ આનંદ કાંઈ વિસાતમાં નથી લાગતાં; તેમ આપત્તિઓ કર્મગૂમડાના નસ્તર (છેદન)

**પુણ્ય વટાવી**
**કષાયો ખરીદવાનો ધંધો ક્યાં સુધી ?**

જેવી આનંદપ્રદ લાગે છે જે પ્રભુને દિલમાં ધર્યાથી આ બની આવતું હોય,

- એ પ્રભુ આપણા કેવા અનન્ય વિશ્રાંતિસ્થાન !
- એમનામાં આપણને કેવું મજેનું ઠરવા મળે !
- આટલા બધા અનુપમ આનંદ-ઓજસ-સમાધિનો આપણા પર ઉપકાર કરવાની પ્રભુની કેવી મહાકરુણા !
- આવા પ્રભુ જેવા પરમસ્નેહી બીજા કોણ મળે ?

**આપણા ઘરના સગા પ્રભુ જ છે.**

એમ, ત્યાગી અને જિનાજ્ઞાધારી ગુરુ તથા સાધર્મિક પણ આપણા ઘરના સગા છે. એમનાથી પણ આપણને ઉપરોક્ત પ્રેરણા મળે છે, બળ-ઓજસ-પ્રસન્નતા મળે છે.



'હે આત્મન્ ! તારું ઘર સંભાળ' એ સૂત્રને મનમાં વારંવાર મમળાવવાનું, અને એમાં,

(૧) આપણું ઘર એટલે આપણો આત્મા,

(૨) ઘરની ચીજ એટલે અનેકાનેક સદ્ગુણો-સાધનાઓ વગેરે, તથા

(૩) ઘરના સગા તરીકે વીતરાગ પરમાત્મા, ત્યાગી, ગુરુ અને સાધર્મિક,...

એ બધાને દિલમાં દૃઢ કરતાં રહેવાનું.

આના લાભ આ કે,

**રાગાદિ અને કર્મના અદના ગુલામ જીવને સત્તા-સમૃદ્ધિ પર ગુમાન કરવાનો હક નથી. ગુલામને ગુમાન શાના ?**

(૧) આપણા આત્માને જ આપણું સાચું ઘર માન્યા પછી બહારના કહેવાતાં ઘર-બંગલાની એવી મમતા નહીં રહે કે જેની પાછળ અનેક પ્રકારના ચિત્તસંતાપ-સંક્લેશ થયા કરે છે, તેમજ આપણું કિંમતી પુણ્યધન એમાં હોમાય છે. એવી મમતા નહીં રહેવાથી આ ખરાબીઓ બહુ ઓછી થઈ જાય છે.

(૨) આત્મઘરની ચીજ સદ્ગુણ-સાધનાદિને માન્યાથી મુખ્ય પ્રયત્ન એની કમાઈ-વૃદ્ધિ-રક્ષાનો રહેશે, એમ આત્મસંપત્તિ વધતી જશે.

(૩) ઘરના સગા તરીકે દેવાધિદેવ, ગુરુ અને સાધર્મિકને મનમાં દૃઢ કર્યાથી નક્કર હૂંફ-આશ્વાસન મળ્યા કરશે.



**શું જીવનમાં આ જ એક કામ છે કે પ્રતિકૂળ સંયોગો સુધારતાં રહેવું ? શું આપણા દિલના ભાવ સુધારવાનું કામ જ નથી ?**

પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ, ન્યાયવિશારદ ગુરુદેવ આચાર્યદેવ

# શ્રીમદ્‌વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા

સ્વર્ગારોહણ રજતવર્ષ

દાદાગુરુદેવ શ્રી પ્રેમ સૂરીશ્વરજી મહારાજાના વિનીત શિષ્ય પૂજ્ય ભાનુ વિજયજી મહારાજ કાળક્રમે આચાર્યપદ અને ગચ્છાધિપતિ પદ સુધી પહોંચ્યા હતાં.

વિ.સં. ૧૯૯૧માં ૨૪ વર્ષની ઉંમરે સંયમ પામ્યા અને વિ.સં. ૨૦૪૯માં ૮૩ વર્ષની વયે કાળધર્મ પામ્યા. પોતાના જીવનકાળ દરમ્યાન ગુરુદેવશ્રી પુણ્ય, આવડત, જ્ઞાન, સુઝબુઝ, શિષ્ય પરિવાર, તર્કશક્તિ, અનુપમ લેખનકળા, પ્રવચન પ્રભાવ... વગેરે બુદ્ધિ-કળાના ગુણોથી પ્રાયઃ સર્વશક્તિ સંપન્ન થયા હતાં.

પૂજ્યપાદ શ્રી દાન સૂરીશ્વરજી મહારાજના આદેશથી-સૂચનથી તેઓ પૂજ્ય પ્રેમ સૂરીશ્વરજી મહારાજના શિષ્ય થયા હતાં - તેઓશ્રીને ગુરુપદે સ્થાપિત કર્યા હતાં. જોકે, શ્રી પ્રેમ સૂરીશ્વરજી મહારાજથી જ તેઓ વિશેષતઃ અભ્યાસમાં ને ધર્મમાં જોડાયા હતાં.

નાના ભાઈ પોપટભાઈની સાથે ચાણસ્મામાં સંયમ સ્વીકાર્યું. તેથી બંધુબેલડી શ્રી પ્રેમ સૂરીશ્વરજી મહારાજના ડાબા-જમણા હાથ સમાન બન્યા હતાં. તેમાં પ્રધાન કારણ બંને સંયમી બંધુઓના ગુણો-સેવા-સમર્પણભાવ હતો.

નાનાભાઈ શ્રી પદ્મવિજયજી મહારાજ પૂજ્ય દાદાગુરુદેવ શ્રી પ્રેમ સૂરીશ્વરજી મહારાજના અંગત હૃદયગત ભાવોને અનુસારે સમુદાયને સંભાળતાં, આસેવન-ગ્રહણશિક્ષા દ્વારા સાધુઓને તૈયાર કરતાં તેઓ મર્મ-તત્ત્વના જાણકાર ગીતાર્થ બન્યા હતાં.

તો મોટાભાઈ શ્રી ભાનુવિજયજી મહારાજ પૂજ્ય દાદાગુરુદેવ શ્રી પ્રેમ સૂરીશ્વરજી

મહારાજના વ્યવહારથી બાહ્યકાર્યોના સંભાળનાર હતાં.

પાછળથી ત્રીજાભાઈ પણ સંયમ સ્વીકારી મુનિ તરુણ વિજય બન્યા હતાં.

આ રીતે, બંને બંધુઓ વાસ્તવમાં પૂજ્ય દાદાગુરુદેવશ્રીના સર્વકાર્ય અને ભાવના સંપૂરક હતાં. દાદાગુરુદેવશ્રીને આજીવન સેવા કરનાર - સમર્પિત બનીને રહ્યા હતાં. દાદાગુરુદેવશ્રીની શાસનસેવાની અનેક ઇચ્છાઓ પૂર્ણ કરી હતી. દાદાગુરુદેવશ્રી સ્વર્ગત થયા બાદ પણ તેઓશ્રીની શાસનકાર્યો-ઇચ્છાને સાકાર બનાવી પૂર્ણ કરી હતી.

આવા, દ્વિશતાધિક શિષ્યોના ગુરુદેવ ગચ્છાધિપતિશ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા શ્રીસંઘની ઉન્નતિ કરો.

